વર્ષ : ૫૨ ■ અંક : ૯ ■ તા. ૧-૫-૨૦૧૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

કૃષિ વિશેષાંક

# દેશની બીજી હરિતક્રાંતિનું પથદર્શક ગુજરાત



## વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે UGVCLને "ગોલ્ડ શિલ્ડ"

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠા દ્વારા વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ વીજ વિતરણ કંપનીની કેટેગરીમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ને ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી ગોલ્ડ શિલ્ડ એવોર્ડ મળ્યો છે. તાજેતરમાં તા.૨૨મી માર્ચ, ૨૦૧૨ના રોજ નવી દીલ્હી ખાતે કેબિનેટ મંત્રી શ્રી સુશીલકુમાર શિંદેના હસ્તે ઉત્તર ગુજરાત વીજ કંપનીના ચેરમેન શ્રી વી.એન.માયરા, તથા મેનેજીંગ ડિરેક્ટર શ્રી એન.શ્રીવાસ્તવને રાષ્ટ્રિય એવોર્ડ કંપની વતી એનાયત કરવામાં આવ્યો હતો.

અહીં વધુ નોંધપાત્ર હકિકત એ છે કે, અગાઉ વર્ષ-૨૦૦૫-૦૬ની કામગીરી માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને ભારત સરકારના



વીજ મંત્રાલય તરફથી બ્રોન્ઝ શિલ્ડ એનાયત કરવામાં આવેલ. ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ જેવા કે, રૂા.૧૦,૦૦૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઈડર કંપનીઓની કેટેગરીમાં નેશનલ એવોર્ડ "એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭", ગ્રામ્ય વીજળીકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ "ઈમા પાવર એવાર્ડ-૦૮", ખેતી ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે "ઈન્ડીયા પાવર એવાર્ડ-૦૮", "ગુડ પર્ફોર્મન્સ એવોર્ડ" જાહેરક્ષેત્રની કેટેગરીમાં એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૧૧ માટે આઈસીડબલ્યુએઆઈ તરફથી, ઈન્ડીયા પાવર એવાર્ડ-૨૦૧૦ "એનર્જી એફીસીયન્સી કન્ઝર્વેશન" અને "ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ" મેળવી સમગ્ર ભારતમાં ગુજરાતનું ગૌરવ વધારેલ છે. આ પ્રસંગે સમગ્ર ભારતમાંથી અગ્રગણ્ય વીજ વિતરણ, વીજ ઉત્પાદક અને વીજ પ્રવહન કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ, તજજ્ઞ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઇન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ પેસીફીક એશીયા ટ્રાવેલ્સ રાઈટર્સ એસો.નો શ્રેષ્ઠ એવોર્ડ

ગુજરાતને વિશ્વ પ્રવાસન નકશામાં અગ્રેસર ટુરીસ્ટ ડેસ્ટીનેશન બનાવવા પ્રવાસન વિભાગ દ્વારા હાથ ધરાયેલા પ્રયાસો ઉત્તરોત્તર ફળદાયી બનીને નવા કીર્તિમાન અંકે કરી રહ્યા છે. પ્રવાસન સ્થળોની આંતરમાળખાકીય સવલતોમાં સુધારો અને પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો હોવાના કારણે તાજેતરમાં ગુજરાત રાજ્યને સૌથી વધારે ઉભરતું પ્રવાસન સ્થાન તરીકેનો ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ પેસીફીક એશીયા ટ્રાવેલ્સ રાઈટર્સ એસોસીએશન - PATWA નો શ્રેષ્ઠ એવોર્ડ એનાયત થયો છે. આ પ્રસંગે કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રીશ્રી સુબોધકાંત સહાય પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારના પ્રવાસન મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને વધુ એક ગૌરવ અપાવતા PATWA -ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ પેસીફીક એશીયા ટ્રાવેલ્સ રાઈટર્સ એસોસીએશનનો શ્રેષ્ઠ એવોર્ડ મળ્યાની જાહેરાત તાજેતરમાં કરી હતી.

વિશ્વનું સૌથી મોટું ઈન્ટરનેશનલ ટુરીઝમ ફેર ITBનું કન્વેન્શન ગત મહિને રીપબ્લીક ઓફ જર્મનીના બર્લીન ખાતે મળ્યું હતું અને આ કન્વેશનમાં વિશ્વનો શ્રેષ્ઠ PATWA એવોર્ડ ગુજરાતને મળ્યો હતો. આ કન્વેન્શનમાં ૧૮૦ દેશોના ૭૦૦૦ થી વધારે ટ્રાવેલ ફેરના પ્રતિનિધિઓ, વ્યવસાયિકો, ડીપ્લોમેટ, ટ્રાવેલ મીડીયા, પત્રકારો વગેરેએ ભાગ લીધો હતો. PATWA વિશ્વનું એક સૌથી મોટું ટ્રાવેલ્સ રાઈટર્સ એસોસીએશન છે અને તેની સાથે સીધી રીતે દુનિયાના ૭૦ જેટલા દેશોના સભ્યો જોડાયેલા છે. આ એવોર્ડ ગુજરાતને તેના વ્યક્તિગત, ઓર્ગેનાઈઝેશન અને સરકારી ક્ષેત્રમાંથી ટુરીઝમ, નાગરીક ઉડ્ડયન, હોટેલ, ટ્રાવેલ્સ એજન્સી, ટુર ઓપરેટર ક્ષેત્રના વિકાસમાં યોગદાન બદલ મળ્યો છે. સૌથી પ્રખ્યાત ટ્રાવેલ્સ પબ્લીકેશન લોન્લી પ્લેનેટ (Lonely Planet)ની વેબસાઈટમાં વિશ્વના દસ બિન ખેડાયેલ (Unsung places) સ્થળોમાં ત્રીજા સ્થાને ગુજરાતના ભુજ અને કચ્છના નાના રણનો ઉલ્લેખ હાલમાં જ કરવામાં આવ્યો છે અને આનાથી વિશ્વભરમાં પર્યટન ક્ષેત્રે ગુજરાત તરફ જિજ્ઞાસા વધશે અને વિદેશી સહેલાણીઓની સંખ્યામાં વધારો થાય તેવી અપેક્ષા છે.